# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-05-2022 Evening : 7.50 to 8.00 PM
Day:-Thursday National News

## આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

*****************************************************************************************

- સર્વોચ્ચ અદાલતે 1988 ના હિંસક ઝપાઝપી કેસમાં પંજાબ કોંગ્રેસના પૂર્વઅધ્યક્ષ નવજોતસિંહ સિદ્ધુને એક વર્ષની સખત કેદની સજા કરી
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે યુનિવર્સિટીઓ વૈચારિક લડાઈ માટેનું નહીં પરંતુ વૈચારિક આદાન-પ્રદાનનું પ્લેટફોર્મ બનવું જોઈએ.
- ટોક્યોમાં 24 મે એ યોજાનારી ક્વાડ નેતાઓની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાગ લેશે
- અમૃતસર- જામનગર ગ્રીનફિલ્ડ કોરિડોર 26 હજાર કરોડ રુપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે
- મથુરાની જિલ્લા અદાલતે શ્રી કૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ અને અન્ય ખાનગી પક્ષોની જમીન માલીકી અંગેની અરજી મંજુર કરી
- પંજાબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સુનીલ જાખડ આજે ભાજપમાં જોડાયા.

*****************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# SC-નવજોત સિદ્ધુ

સર્વોચ્ચ અદાલતે 1988 ના હિંસક ઝપાઝપી કેસમાં પંજાબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ નવજોતસિંહ સિદ્ધુને એક વર્ષની સખત કેદની સજા કરી છે. આ કેસમાં પટિયાલાના ગુરનામ સિંહનું મૃત્યુ થયું હતું. જોકે, જસ્ટિસ એ.એમ. ખાનવિલકર અને જસ્ટિસ એસ.કે. કૌલની બેન્ચે ભારતીય દંડ સંહિતાની કલમ 304 હેઠળ હત્યાના આરોપમાં માનવ હત્યાનો આરોપ લગાવવાની અરજીને ફગાવી દીધી છે.

સર્વોચ્ચ અદાલતે અગાઉ 34 વર્ષ જૂના આ કેસમાં નવજોતસિંહ સિદ્ધુને દોષમુક્ત કરવાના આદેશની સમીક્ષા કરવા મંજૂરી આપી હતી. આ આદેશ મુજબ નવજોતસિંહ સિદ્ધુને પંજાબ પોલીસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવશે. સિદ્ધુને અગાઉ એક હજાર રૂપિયાનો દંડ કરીને છોડી દેવામાં આવ્યો હતો. 15મી મે 2018ના રોજ, સર્વોચ્ચ અદાલતે સિદ્ધુને માનવ હત્યા માટે દોષિત ઠેરવતા, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો અને આ કેસમાં ત્રણ વર્ષની સજા ફટકારી હતી.

સપ્ટેમ્બર 2018 માં મૃતકના પરિવારના સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીમાં તપાસ કરવા અદાલત સંમત થઈ હતી..

# પી.એમ. યુવા શિવિર-

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વૈશ્વિક અવ્યવસ્થા વચ્ચે વિશ્વ ભારત પાસે નવી આશા રાખે છે. વડોદરામાં સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત યુવા શિબિરને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે આજે આપણે નૂતન ભારતના નિર્માણ અંગેના પ્રયાસો કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લઈ રહ્યા છીએ. વૈશ્વિક અશાંતિ અને સંઘર્ષ વચ્ચે વિશ્વ શાંતિની નવી આશા સાથે ભારત તરફ દ્રષ્ટિ છે.

ભારત પ્રાચીન પરંપરાઓ સાથે નવી ઓળખ મેળવીને આગળ વધી રહ્યું છે, ત્યારે સમગ્ર માનવજાતને નવી દિશા દર્શાવવી જોઈએ. શ્રીમોદીએ કહ્યું કે આપણે માનવજાતને યોગ અને આયુર્વેદની શક્તિનો માર્ગ બતાવી રહ્યા છીએ. સોફ્ટવેરથી લઈને અવકાશ સુધી નવા ભવિષ્યની રાહ જોઈ રહેલા રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યા છીએ. કોરોના સંકટ વચ્ચે વિશ્વમાં રસી અને દવાઓ પહોંચાડવાથી, આપણે આત્મનિર્ભર ભારતની આશા જગાવી છે.

તેમણે કહ્યું કે આ શિબિરનું આયોજન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. વડોદરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર- કુંડલધામ અને શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલી બાગ દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત અને સ્વચ્છ ભારત જેવા અભિયાન દ્વારા યુવાનોને સમાજ સેવામાં અને રાષ્ટ્ર નિર્માણ તરફ જોડવાનો આ શિબિરનો ઉદ્દેશ્ય છે.

આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના જ્ઞાન જીવનદાસ સ્વામી, સંસદ સભ્ય અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, મંત્રી મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

# અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે યુનિવર્સિટીઓ વૈચારિક લડાઈ માટેનું નહીં પરંતુ વૈચારિક આદાન-પ્રદાનનું પ્લેટફોર્મ બનવું જોઈએ. આજે દિલ્હી યુનિવર્સિટીમાં  સ્વરાજથી નૂતન ભારત સુધી એ વિષય પરના આંતરરાષ્ટ્રીય સેમિનારને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે, કોઈપણ વિચારધારા વાદ-વિવાદ અને ચર્ચાથી જ વિકસે છે.

શ્રીઅમિત શાહે કહ્યું કે ભારત પાસે 2014 પહેલાં વળતા પ્રહાર માટેની સંરક્ષણ નીતિ નહોતી અને જે હતી એ માત્ર વિદેશ નીતિના ભાગરૂપે જ હતી. નરેન્દ્ર મોદી સરકારે સર્જીકલ અને એર સ્ટ્રાઈક દ્વારા વિશ્વને બતાવ્યું કે સંરક્ષણ નીતિનો અર્થ શું છે.

શ્રી શાહે જણાવ્યું કે ભારત દરેક દેશ સાથે સારા સંબંધ ઈચ્છે છે પરંતુ સરહદ પર સમાધાન કરશે નહીં. તેમણે કહ્યું કે 2014 થી 2022 સુધીમાં દેશે ઘણી બધી વસ્તુઓ હાંસલ કરી છે અને 80 કરોડ લોકો પોતાને દેશનો ભાગ માનવા લાગ્યા છે.

શ્રી શાહે કહ્યું કે કોઈપણ વ્યક્તિ ભારતને રાજકીય દ્રષ્ટિકોણથી ના સમજી શકે. ભારત એક ભૌગોલિક-સાંસ્કૃતિક દેશ છે એ જ્યાં સુધી સમજીશું નહીં ત્યાં સુધી આપણે ભારતને સમજી શકીશું નહીં.

કેટલાક લોકો ભારતને સમસ્યાઓનો દેશ કહે છે, પરંતુ અહી ઉકેલ શોધવાની ક્ષમતા પણ છે. શ્રી શાહે નરેન્દ્ર મોદી સરકારની ઘણી સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું કે ભારત આજે વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બની ગયું છે.

યુનિવર્સિટીઓએ વૈચારિક લડાઈ માટે કુશ્તીનું મેદાન ન બનવું જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ પ્રથમ શિક્ષણ નીતિ છે કે જેનો કોઈએ વિરોધ કર્યો નથી અને બધા દ્વારા આવકારવામાં આવી છે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકારે દેશને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા માટે અનેક પહેલ કરી છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીને પેટન્ટના ક્ષેત્રમાં ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચલાવવા માટે અનુરોધ કર્યો..

# PM-QUAD

ટોક્યોમાં આ મહીને યોજાનારી ક્વાડ નેતાઓની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાગ લેશે. જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદાના આમંત્રણ પર આ મહિનાની 24મી  મે એ ટોક્યોમાં ક્વોડલીડર્સ સમિટ યોજાવાની છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન, અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસન પણ આ પરિષદમાં ભાગ લેશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું કે, ગયા વર્ષે માર્ચમાં પ્રથમ વર્ચ્યુઅલ મીટિંગ પછી ક્વાડ લીડર્સની આ ચોથી પરિષદ છે. ક્વાડ સમિટમાં હિન્દ પ્રશાંત ક્ષેત્રના વિકાસ અને પરસ્પર હિતના વૈશ્વિક મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે, અને કાર્યકારી જૂથોની પ્રગતિની સમીક્ષા કરશે.

આ ઉપરાંત સહકારનાં નવાં ક્ષેત્રોને ઓળખશે તથા ભાવિ સહયોગ માટે વ્યૂહાત્મક માર્ગદર્શન આપશે. ક્વાડ પરિષદની સાથે પ્રધાનમંત્રી મોદી જાપાનના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. નવી દિલ્હીમાં માર્ચ મહિનામાં યોજાયેલી ભારત-જાપાન વાર્ષિક પરિષદના મુદ્દાઓને આગળ વધારવાની તક મળશે. મુલાકાત દરમિયાન, શ્રી મોદી જાપાનના વેપાર ઉદ્યોગના પ્રતિનિધિમંડળને મળશે.

આ ઉપરાંત જાપાનમાં ભારતીય સમુદાયને મળશે. તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતાઓ ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરશે અને ગયા સપ્ટેમ્બરમાં દ્વિપક્ષીય બેઠક દરમિયાન થયેલી ચર્ચાઓની પ્રગતિની સમીક્ષા કરશે, તથા પ્રાદેશિક અને વૈશ્વિક બનાવો સંદર્ભમાં સહિયારા હિતો અંગે વિચારોનું આદાન-પ્રદાન કરશે.

શ્રી મોદી ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે પણ દ્વિપક્ષીય મંત્રણા કરે તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયામાં 21મી મે ના રોજ ચૂંટણી યોજાવાની છે. બંને નેતાઓ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરશે અને વૈશ્વિક તથા પ્રાદેશિક બનાવો અંગે વિચારોનું આદાનપ્રદાન કરશે..

# ગડકરી-ગ્રીનફિલ્ડ કોરિડોર

માર્ગવાહન વ્યવહાર અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે અમૃતસર- જામનગર ગ્રીનફિલ્ડ કોરિડોર 26 હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે.

આ કોરિડોર નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વિકસાવવામાં આવેલ સૌથી મહત્વપૂર્ણ ગ્રીનફિલ્ડ કોરિડોર પૈકીનો એક છે. તેમણે કહ્યું કે, સંપૂર્ણ કોરિડોર આવતા વર્ષે સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

શ્રી ગડકરીએ માહિતી આપી કે બિકાનેરથી જોધપુર 27 7કિલોમીટરના સેક્શનને આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરીને ખોલવામાં આવશે. શ્રી ગડકરીએ કહ્યું કે, આ કોરીડોરમાં અમૃતસર, ભટિંડા, સાંગરિયા, બિકાનેર, સાંચોર, સામખિયાળી અને જામનગરને જોડશે..

# કૃષ્ણ જન્મભૂમિ

મથુરાની જિલ્લા અદાલતે શ્રી કૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ અને અન્ય ખાનગી પક્ષોની અરજી મંજુર કરી છે. તેમાં શાહી ઇદગાહ મસ્જિદની જમીનની માલિકી અંગેનો વિવાદ છે.

આ અરજી સ્વીકારવા અંગે છેલ્લા દોઢ વર્ષથી અદાલતમાં રજૂઆત ચાલતી હતી. જિલ્લા ન્યાયાધીશ રાજીવ ભારતીએ અરજીને મંજૂરી આપતાં હવે નીચલી કોર્ટ દ્વારા સુનાવણી કરવામાં આવશે. આ ઇદગાહ શ્રીકૃષ્ણ જન્મભૂમિ સ્થળની બાજુમાં છે, અને ત્યાં શ્રી કૃષ્ણનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે. આ વિવાદમાં 13.37 એકર જમીનની માલિકીનો વિવાદ છે, અને તે શ્રીકૃષ્ણ વિરાજમાનની માલિકીની છે..

# જ્ઞાનવાપી રિપોર્ટ

ઉત્તરપ્રદેશમાં, કાશી વિશ્વનાથ મંદિર – જ્ઞાનવાપી મસ્જિદ સંકુલનું વિડિયોગ્રાફિક સર્વે હાથ ધરતા કમિશને આજે તેનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો છે. આ કેસમાં હિંદુ પક્ષનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ મદન મોહન યાદવે જણાવ્યું કે રિપોર્ટમાં 1500 સ્થિર ફોટોગ્રાફ્સ અને 32GB ની 8 મેમરી ચિપ્સ છે. કમિટી દ્વારા કુલ 10 કલાકથી વધુના વીડિયો પુરાવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. સ્પેશિયલ એડવોકેટ કમિશનર વિશાલ સિંહે 14, 15 અને 16 મેના રોજ હાથ ધરાયેલી સર્વેની કામગીરીનો રિપોર્ટ ડિસ્ટ્રિક્ટ સિવિલ જજ રવિકુમાર દિવાકરની કોર્ટમાં રજૂ કર્યો હતો.

કોર્ટ દ્વારા એડવોકેટ કમિશનર પદેથી હટાવાયેલા અજય મિશ્રાએ ગઈ કાલે તેમના દ્વારા 6 અને 7મી મેના રોજ કરાયેલા સર્વે અંગે રિપોર્ટ દાખલ કર્યો હતો. મિશ્રાને 17 મેના રોજ હટાવ્યા બાદ કોર્ટે વિશાલ સિંહને સ્પેશિયલ એડવોકેટ કમિશનર અને અજય પ્રતાપ સિંહને આસિસ્ટન્ટ એડવોકેટ કમિશનર તરીકે નિયુક્ત કર્યા હતા. પુનર્ગઠિત પંચે 14, 15 અને 16 મેના રોજ સર્વે કર્યો હતો..

# J&K ધરપકડ

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં, પોલીસે આજે ચાર આતંકવાદીઓ અને એક સહયોગીની ધરપકડ કરી છે. 17મી તારીખે બારામુલાના દીવાનબાગ ખાતે દારૂની દુકાન પર થયેલા ગ્રેનેડ હુમલામાં તેઓ સામેલ હતા. આ આતંકી ઘટનામાં એક નાગરિક રણજીત સિંહનું મોત થયું હતું.

કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજયકુમારને ટાંકીને જણાવ્યું છે કે લશ્કર-એ-તોયબા આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા આ ચાર આતંકવાદીઓ અને એક સહયોગીની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી 5 પિસ્તોલ, 23 હાથબોંબ અને વિસ્ફોટક પણ મળી આવ્યા છે. ટ્વીટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે બારામુલ્લામાં અનેક આતંકી ઘટનાઓમાં તેઓ સામેલ હતા. દરમિયાન, આ સંદર્ભે શરૂ કરાયેલી તપાસ ચાલુ છેઅને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે..

# એનઆઈએ- યાસીન મલિક

દિલ્હીની નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ખાસ NIA અદાલતે આજે કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિકને ત્રાસવાદીઓને નાણા સહાય કેસમાં દોષિત ઠેરવ્યા છે. દોષી ઠેરવતાં કોર્ટે યાસીન મલિકને તેની નાણાકીય આકારણીની વિગતો અંગે સોગંદનામું રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે NIAને મલિકના નાણાકીય મૂલ્યાંકન સંબંધિત રિપોર્ટ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

આ વર્ષે માર્ચમાં સ્પેશિયલ NIA જજ પ્રવીણ સિંહે, મલિક અને અન્યો સામે ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ –UAPA  હેઠળ આરોપો ઘડ્યા હતા. 10 મેના રોજ, મલિકે તેના પર લાગેલા તમામ આરોપો માટે કબુલાત કરી હતી. સજાના પ્રમાણ અંગેની દલીલો 25મી મેના રોજ સાંભળવામાં આવશે..

# અમરનાથ

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં, લશ્કરી દળ, પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના ટોચના અધિકારીઓએ આજે અમરનાથ યાત્રા પહેલાં સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

આજે જમ્મુના નગરોટા ખાતે વ્હાઇટ લેફ્ટનન્ટ જનરલ મનજિન્દર સિંઘની અધ્યક્ષતામાં સુરક્ષા સમીક્ષા બેઠક યોજાઈ હતી. સંરક્ષણ મંત્રાલયના જનસંપર્ક અધિકારી લેફ્ટનન્ટ કર્નલ દવિન્દર આનંદે જણાવ્યું કે તમામ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવા અને યાત્રા માટે સુરક્ષાનાં પગલાં અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી..

# સુનિલ જાખડ - ભાજપ

પંજાબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સુનીલ જાખડ આજે ભાજપમાં જોડાયા છે. નવી દિલ્હીમાં ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાની હાજરીમાં તેમને પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. પાર્ટીમાં તેમનું સ્વાગત કરતાં શ્રી નડ્ડાએ કહ્યું, શ્રી જાખડ એક અનુભવી રાજકીય નેતા છે જેમણે તેમની રાજકીય કારકિર્દી દરમિયાન નામ બનાવ્યું છે. તેઓ પંજાબમાં ભાજપને મજબૂત કરવામાં મોટી ભૂમિકા ભજવશે.

આ પ્રસંગે શ્રી જાખડે કહ્યું કે, તેમણે પંજાબમાં રાષ્ટ્રવાદ, એકતા અને ભાઈચારાના મુદ્દાઓ પર કોંગ્રેસ સાથેનો 50 વર્ષ જૂનો સંબંધ તોડી નાખ્યો છે.

# હોકી વિમેન્સ ચેમ્પિયનશિપ

ઈમ્ફાલમાં રમાઈ રહેલી, હોકી ઈન્ડિયા રાષ્ટ્રીય મહિલા સબ-જુનિયર ચેમ્પિયનશિપમાં, ત્રીજી ક્વાર્ટર ફાઇનલમાં મધ્યપ્રદેશે મહારાષ્ટ્રને 2-1 થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

આ અગાઉ હરિયાણા અને ઉત્તર પ્રદેશ સેમિફાઈનલમાં પ્રવેશ્યા છે. પ્રથમ ક્વાર્ટર-ફાઇનલ મેચમાં, હરિયાણાએ મિઝોરમને 4-1થી હરાવ્યું, જ્યારે બીજી ક્વાર્ટર-ફાઇનલમાં ઉત્તર પ્રદેશે ચંદીગઢને 5-શૂન્યથી હરાવ્યું છે. .

# ઈન્ડિયા ફ્રૂડ

ભારતે વૈશ્વિક ક્ષેત્રે ખાદ્યાન્ન અછત અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સૌથી વધુ અસરગ્રસ્તોની પીડાને દૂર કરવા માટે સામૂહિક નિર્ણયની જરૂરિયાત દર્શાવી છે. ન્યુયોર્કમાં વૈશ્વિક અન્ન સલામતિ અંગે કાર્યવાહી માટેની એક ઉચ્ચ સ્તરીય મંત્રીસ્તરીય બેઠકને સંબોધિત કરતાં, વિદેશરાજ્ય મંત્રી વી મુરલીધરને જણાવ્યું કે કોવિડ રોગચાળો અને રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અસર વિકાસશીલ દેશો પર પડી છે. તેમાં ઉર્જા અને ખાદ્યાન્નમાં વધારો, વૈશ્વિક લોજિસ્ટિકલ સપ્લાય ચેઇન્સમાં કિંમતો અને વિક્ષેપ જેવી બાબતોને આવરી લેવામાં આવી છે.

શ્રીમુરલીધરને ખાદ્ય કટોકટી પરના વૈશ્વિક અહેવાલ તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે 2022ના અહેવાલ મુજબ, વિશ્વભરમાં 14 કરોડ લોકો તીવ્ર ખાદ્ય અસલામતિથી અસરગ્રસ્ત છે. તેમણે કહ્યું કે, ભારત વૈશ્વિક ખાદ્ય સુરક્ષાને આગળ વધારવામાં યોગ્ય ભૂમિકા ભજવશે, અને સમાનતાને જાળવી રાખશે.

આ ઉપરાંત કરુણાદાખવીને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપશે. અફઘાનિસ્તાનમાં બગડતી માનવતાવાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત અફઘાનિસ્તાનના લોકોને 50 હજાર મેટ્રિક ટન ઘઉંનું દાન કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે, ભારતે 10 હજાર ટન ચોખા અને ઘઉંની ગ્રાન્ટ સહિત મ્યાનમાર માટેનું માનવતાવાદી સમર્થન ચાલુ રાખ્યું છે. મંત્રીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં શ્રીલંકાને ખાદ્ય સહાય સહિતની મદદ કરી રહ્યું છે..

# ચીન-બ્રિક્સ દિવસ

વર્ચ્યુઅલ રીતે યોજાનારી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે ભાગ લેશે. ચીન વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકનું આયોજન કરશે. આ બેઠકનું આયોજન ચીનના સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી વાંગ યી કરશે અને તેમાં વિદેશ મંત્રી એસ. જયશંકર, દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકાર મંત્રી નાલેદી પાંડોર, બ્રાઝિલના વિદેશ મંત્રી કાર્લોસ આલ્બર્ટો ફ્રાન્કા અને રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ ઉપસ્થિત રહેશે. આ બેઠક 14મી બ્રિક્સ સમિટ માટે પૂર્વ ભૂમિકા તૈયાર કરશે.

ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, 2022 માટે બ્રિક્સ અધ્યક્ષ તરીકે ચીન, વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના નવા પડકારો અને મુખ્ય આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર સાથી બ્રિક્સ ભાગીદારો સાથે સંચાર અને સંકલન વધારવા આતુર છે. ભારતેજા ન્યુઆરી 2022માં ચીનને બ્રિક્સનું અધ્યક્ષપદ સોંપ્યું છે.

બ્રિક્સ 2022ની વિષયવસ્તુ છે 'વૈશ્વિક વિકાસ માટે નવા યુગમાં ઉચ્ચ ગુણવત્તાવાળી બ્રિક્સ ભાગીદારી. તે માટે કુલ 25 કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. બ્રિકસ સાયન્સ ટેક્નોલોજી ઈનોવેશન સ્ટીયરિંગ કમિટીના ભાગરૂપે ભારત આ વર્ષે પાંચ ઈવેન્ટનું આયોજન કરશે..

# કેરળ વરસાદ

હવામાન વિભાગે કેરળના 12 જિલ્લાઓમાં ચેતવણી બહાર પડી છે, અને ભારેથી અતિ ભારે વરસાદની  સંભાવના દર્શાવી છે. રાજ્યની રાજધાની તિરુવનંતપુરમ અને કોલ્લમમાં પણ યલો એલર્ટ બહાર પાડવામાં આવ્યું છે. ગઈકાલે રાત્રે રાજ્યના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો.

કોચીના ચેંગમપુઝા નગરમાં, ઘરમાં પાણી ઘુસી જતાં લગભગ દસ પરિવારોને નજીકની શાળામાં ખસેડવામાં આવ્યા છે. પેરિયાર નદીમાં પાણી છોડતાં આજે સવારે ભૂતથાંકેતુ ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. નદી કિનારે રહેતા લોકોને સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

દરમિયાન, આજે સવારે મુન્નાર નજીક ગેપ રોડ પર પ્રવાસીઓને લઈ જતી કાર રસ્તા પરથી લપસીને ખાડીમાં પડી જતાં આઠ મહિનાના બાળક અને આંધ્રપ્રદેશના 32 વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. આ દુર્ઘટનામાં ઘાયલ અન્ય આઠ લોકોને મુન્નારની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટના બની ત્યારે વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું..

# જે.પી.નડ્ડા

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડાએ આજે કહ્યું છે કે વંશવાદી રાજકીય પક્ષો લોકશાહી માટે ખતરો છે. શ્રી નડ્ડાએ કહ્યું કે લોકશાહી વ્યવસ્થામાં રાજકીય પક્ષ એક મહત્વપૂર્ણ સાધન છે. તેમણે કહ્યું કે ભાજપ દેશમાં પરિવારવાદી પક્ષો સાથે લડે છે. તે પી.ડી.પી., એન.સી. અથવા પશ્ચિમ બંગાળમાં ટી.એમ.સી. અથવા તમિલનાડુમાં ડી.એમ.કે. હોય. તેમણે કહ્યું કે આ પક્ષો 'મારી ઇચ્છા,મારા કાયદા'ના સિદ્ધાંત પર ચાલે છે.

નવી દિલ્હીમાં એક સમારોહમાં બોલતાં શ્રી નડ્ડાએ કહ્યું કે, કોંગ્રેસ ન તો રાષ્ટ્રીય, ભારતીય કે લોકતાંત્રિક છે અને તે ભાઈ-બહેનની પાર્ટી બની ગઈ છે. તેમણે કહ્યું કે કોંગ્રેસે ઉદ્દેશ્યને બાજુ પર મૂકી દીધા છે અને વ્યક્તિત્વને પ્રાથમિકતા આપી રહી છે..

# જળ શક્તિ

જળ શક્તિ અભિયાન હેઠળ વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેની બે દિવસીય કાર્ય શિબિર આજે નવીદિલ્હીમાં શરૂ થઈ છે. જળ શક્તિ અભિયાન આ વર્ષે એપ્રિલથી નવેમ્બર સુધી લાગુ કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે બોલતા જળ સંસાધન સચિવ પંકજ કુમારે જળ સંરક્ષણ અને વરસાદી પાણીના સંગ્રહ પર ભાર મૂક્યો હતો. પાણીના ઘટતા સ્તર અને પાણીની માંગમાં વધારા તરફ ધ્યાન દોરતાં તેમણે કહ્યું કે, જળ શક્તિ અભિયાન હેઠળ વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટે આગોતરૂ આયોજન અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ અભિયાન અંતર્ગત આ વર્ષે નોંધપાત્ર પ્રગતિ થશે. જળસંચયના મહત્વ પર પ્રકાશ પાડતાં તેમણે કહ્યું કે, દરેક જિલ્લામાં 75 જળાશયો બનાવવામાં આવશે અથવા તેને પુનર્જીવિત કરવામાં આવશે જેને અમૃત સરોવર કહેવામાં આવશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના જમીન સંસાધન વિભાગના સચિવ અજય તિર્કીએ વરસાદી પાણીના સંગ્રહ અને સંરક્ષણમાં જળસ્રાવ વ્યવસ્થાપનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે, જળસ્રાવ વિકાસ ઘટક, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ કુલ એક હજાર ૧૧ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.

વોટરશેડ મેનેજમેન્ટમાં ભારતને વૈશ્વિક નેતા ગણાવતાં તેમણે કહ્યું કે, 478 જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે અને કુલ 49 લાખ હેક્ટર વિસ્તારને જળસ્રાવ વિકાસ ઘટક હેઠળ મંજૂર કરવામાં આવ્યો છે. ચોમાસાની શરૂઆત પહેલાં સમગ્ર દેશમાં વરસાદી પાણીના સંગ્રહના માળખા બનાવવા માટે કેચ ધ રેઈન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું..

# ઠાકુર-કાન્સ

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું છે કે ભારતમાં વિશ્વનું વિષયવસ્તુ ક્ષેત્ર બનવાની ક્ષમતા છે અને ફિલ્મોના પ્રોડક્શન હબ માટે પસંદગીનું સ્થળ છે. તેમણે કહ્યું કે, સરકારની નીતિઓનો હેતુ ભારતના મીડિયા અને મનોરંજન ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનો છે જે વાર્ષિક 53 અબજ ડોલરની આવકની અપેક્ષા રાખે છે.

ઈન્ડિયા ફોરમ દરમિયાન બોલતાં શ્રી ઠાકુરે કહ્યું કે ભારતીય સિનેમા માત્ર ભારતીયોનું જ નહીં પરંતુ વૈશ્વિક દર્શકોનું પણ મનોરંજન કરી રહ્યું છે. સિનેમા દ્વારા ભારતની યાત્રાને સુંદર રીતે રજુ કરવામાં આવી છે અને ભારતીય સિનેમાએ નિર્ણાયક ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે ભારતીય મીડિયા અને મનોરંજન ક્ષેત્ર અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે અને વૈશ્વિક સ્તરે દેશની શક્તિનું પ્રદર્શન પણ કરે છે. તેમણે કહ્યું કે, દેશમાં સહ-નિર્માણ અને ફિલ્મ શૂટિંગને વેગ આપવા માટે સરકારે છેલ્લા આઠ વર્ષમાં ઘણી પહેલ કરી છે. મંત્રીએ કહ્યું કે, સરકારે આ ક્ષેત્રમાં પોલિસી રોડમેપ તૈયાર કરવા માટે એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક ટાસ્ક ફોર્સની સ્થાપના કરી છે. જેમાં ઉદ્યોગના અગ્રણીઓને આવરી લીધાં છે.

તેમણે કહ્યું કે, ડિજીટલાઇઝેશન દ્વારા દેશના સિનેમેટિક વારસાને જાળવવા માટે પગલાં લેવામાં આવ્યા છે. પેનલ ચર્ચા દરમિયાન, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના અધ્યક્ષ અને પીઢ ગીતકાર પ્રસૂન જોશી, અભિનેતા અને દિગ્દર્શક આર માધવન, ભારતીય ફિલ્મ નિર્માતા શેખર કપૂર, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રા સહિત અન્ય હાજર રહ્યા હતા.

# તીરંદાજી

દક્ષિણ કોરિયાના ગ્વાંગઝુમાં રમાઈ રહેલા તીરંદાજી વર્લ્ડ કપ બીજા સ્ટેજમાં અભિષેક વર્મા, અમન સૈની અને રજત ચૌહાણની ભારતીય ટીમે ફાઈનલમાં પહોંચવા માટે દક્ષિણ કોરિયાની ટીમને સ્તબ્ધ કરી દીધી છે. ગયા મહિને તુર્કીમાં આયોજિત તીરંદાજી વર્લ્ડ કપ 2022 પ્રથમ સ્ટેજમાં પણ ભારતીય ટીમે સુવર્ણચંદ્રક જીત્યો હતો, પ્રથમ રાઉન્ડમાં ઇટાલીને હરાવીને આજે શરૂઆત કરી હતી. પછીજ અમેરિકાની ટીમ સામે રમ્યા અને ક્વાર્ટર ફાઇનલમાં તેને હરાવ્યું હતું.

દક્ષિણ કોરિયાની ટીમ સામે સેમી ફાઇનલમાં ભારતીય ટીમે 29-26 થી જીત મેળવી હતી. ફાઇનલમાં શનિવારે ભારતનો સામનો ફ્રાન્સ સામે થશે. દરમિયાન, અવનીત કૌર, મુસ્કાન કિરાર અને પ્રિયા ગુર્જરની ભારતીય મહિલા ટીમે કાંસ્યચંદ્રક જીતીને વર્લ્ડ કપ બીજા સ્ટેજમાં ચંદ્રકની સંખ્યાત્ર ણ પર પહોંચાડી છે. તુર્કી સામે ભારતીય ટીમનો પરાજય થયો હતો. ભારતીય મહિલા ટીમ સેમિફાઇનલમાં કોરિયાની ટીમ સામે 2-6 થી હાર્યા બાદ કાંસ્યચંદ્રક મળ્યો છે..